# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરન હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૪૫૯/૨૦૧૫
## તા.૨૪/૧૨/૨૦૧૫

હું, શિવાનંદ ઝા IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરના કાગડાપીઠ તથા મણિનગર પોલીસ સ્ટેશન વિસ્તાર ખાતેના કાંકરિયા તળાવ ખાતે કાંકરિયા કાર્નિવલ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. તા.૨૫/૧૨/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ સુધી ઉત્સવ દરમ્યાન ટ્રાફિક પ્રવાહને અડચણ ન થાય અને ટ્રાફિક વ્યવહારની જાળવણીના હેતુસર નીચે જણાવેલ વિસ્તારને **" નો પાર્કીંગ ઝોન "** તથા **" નો સ્ટોપ "** તથા **" નો યુ ટર્ન "** જાહેર કરવા હુકમ કરૂ છું.

## હુકમ :-

(૧) કાંકરીયા ચોકીથી રેલ્વે યાર્ડથી ખોખરા બ્રીજ, દેડકી ગાર્ડન, વોટરપાર્ક ચાર રસ્તા, મચ્છી પીર ચાર રસ્તા, પુષ્પકુંજ સર્કલ, અપ્સરા સિનેમા, ફુટબોલ ગ્રાઉન્ડ, લોહાના મહાજનવાડી થઇ પરત કાંકરીયા ચોકી સુધીના સર્કલ ઉપર તેમજ સમગ્ર કાંકરીયા તળાવ ફરતે ઉપર ટુ વ્હીલરથી ઉપરના કોઇ પણ પ્રકારના વાહનો સ્ટોપ થઇ શકશે નહી. વળી તમામ વાહનો નિર્ધારીત પાર્કીંગ જગ્યા સિવાય બીજી કોઇ પણ જગ્યાએ પાર્ક થઇ શકશે નહી.

(૨) સમગ્ર કાંકરીયા તળાવ ફરતે સર્કલ રોડ ટુ લેનમાં હોવા છતા કોઇ પણ જગ્યાથી યુ ટર્ન લઇ શકાશે નહી. આ સમગ્ર વિસ્તારને **"નો યુ ટર્ન"** ઝોન તરીકે જાહેર કરવામાં આવે છે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ , એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૨૫/૧૨/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ સુધી ઉત્સવ પુર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૨૪/૧૨/૨૦૧૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૪/૧૨/૨૦૧૫
અમદાવાદ.

**(શિવાનંદ ઝા)**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.